**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૯.૮ ડીગ્રી
લઘુતમ : ૧૧.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૪ ટકા ● સાંજે ૩૪ ટકા

# શહેરમાં ગરીબોની કસ્તુરીના ભાવમાં રાહત

## મોટાભાગની શાકભાજી રૂ.૧૦ થી ૨૦ કિલોના ભાવે વેચાય છે

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરના શાક માર્કેટમાં ઘણા લાંબા સમયથી ગરીબોની ગણાતી કસ્તુરીના ભાવમાં તોંતિગ વધારો જોવા મળી રહ્યો હતો. કિલોએ રૂ.૨૦ થી ૩૦માં વેચાતી ડુંગળી અચાનક રૂ.૮૦ પર પહોંચી ગઈ હતી. ત્યારબાદ ભાવમાં વધઘટ સર્જાતા રૂ.૬૦ પર સ્થિર થઈ હતી. શાકમાર્કેટમાં આવતી ગૃહિણીઓને ડુંગળીનો ભાવ સાંભળીને આંખમાં આસુ આવે તેવી સ્થિતિ સર્જાતી હતી. ત્યારે અચાનક અઠવાડીયાથી ડુંગળીના ભાવમાં ગગડતા અઢી કિલો ડુંગળી માત્ર રૂ.૮૦માં શહેરના શાકમાર્કેટમાં વેચાય છે. જયારે એક સમયે ડુંગળીના ભાવે વેચાતા ટામેટાનો ભાવ અત્યારે હાલ કિલોના રૂ.૧૦ છે. ત્યારે શહેરના શાકમાર્કેટમાં મોટાભાગના શાકભાજીની આવક થવાથી માત્ર રૂ.૧૦ થી ૨૦ કિલોએ વેચાઈ રહ્યા છે.



ગાંધીનગર શહેરના શાકમાર્કેટમાં ડુંગળીનો ભાવ આસમાનને આંબતો હતો. હોટલ, રેસ્ટોરન્ટ તેમજ નાસ્તાની લારીઓ પરથી પણ ડુંગળી ગાયબ થઈ ગઈ હતી તો ઘરમાં સલાડમાંથી પણ ગરીબોની કહેવાતી કસ્તુરી અદ્રશ્ય થઈ જવા પામી હતી. શહેરમાં ૪૦૦ કટ્ટા જાવક સામે માત્ર ગણ્યા ગાંઠ્યા કટ્ટા જ ડુંગળી આવતા હોલસેલના વેપારીઓને બખ્ખા થઈ ગયા હતા. જયારે ડુંગળીની અછત સર્જાતા ભાવમાં ભડકો થયો હતો. નાસિક તેમજ કચ્છ તરફથી આવતી ડુંગળીનો સ્ટોક નહીંવત રહેવા પામ્યો હતો. જયારે અત્યારે હાલના સમયે શહેરમાં જરૂરીયાત પુરતો સ્ટોક નાસિક તેમજ કચ્છ તરફથી ડુંગળીનો આવતા ભાવ ગગડ્યા છે. શહેરના શાકમાર્કેટમાં અઢી કિલો ડુંગળી રૂ.૮૦માં વેચાય છે. જયારે છુટક ડુંગળી કિલોમાં રૂ.૪૦ માં વેચાય છે. જયારે આગામી સમયમાં હજુ પણ ભાવ ઓછા થશે તેવું વેપારીઓ પણ માની રહ્યા છે. જયારે ગાંધીનગર જિલ્લાની આસપાસમાંથી શાકભાજીની સતત આવકથી શાકના ભાવમાં ઘટાડો નોંધાયો છે. હાલના તબક્કે મોટાભાગની શાકભાજી રૂ.૧૦ થી ૨૦ના ભાવે કિલોએ વેચાય છે. શાકમાર્કેટમાં શાકભાજીના ભાવ ગગળતા નાગરીકો તેમજ ગૃહિણીઓમાં હરખની હેલી પ્રસરી જવા પામી છે.

# મોલોમસીના ત્રાસથી વાહનચાલકો પરેશાન

## સવારે અને સાંજના સમયે મોટા પ્રમાણમાં ઉડતી મસીના ત્રાસથી રાહદારીઓ અને વાહનચાલકોને ખુબ જ તકલીફ પડી રહી છે

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરમાં છેલ્લા એક અઠવાડિયાથી મોલોમસીનો ઉપદ્રવ ખુબ જ વધી ગયો છે. મસીના ત્રાસથી વાહનચાલકો અને રાહદારીઓ હેરાન પરેશાન થઈ ગયા છે.

શિયાળાની વિદાય ટાણે શહેરમાં છેલ્લા એક અઠવાડિયાથી મોલોમસીનો ત્રાસ વધી ગયો છે. વહેલી સવારે અને સાંજે ખુબ જ મસી ઉડે છે. કેટલાક વિસ્તારોમાં એટલી બધી મસી ઉડે છે કે રસ્તા પર ચાલવું પણ મુશ્કેલ બન્યું છે. શાકમાર્કેટ જેવા સ્થળોએ એટલી બધી મસી ઉડે છે કે મોઢું પણ ખોલી શકાતું નથી. મસીના ત્રાસથી બચવા વસાહતીઓને મોઢા પર રૂમાલ બાંધવો પડે છે. હળવા રંગના કપડા પહેર્યા હોય તેવા રાહદારીઓને તો એટલી બધી મસી ચોંટે છે કે તેઓ હેરાન પરેશાન થઈ જાય છે.

દ્વિચક્રી વાહનચાલકોને પણ મસીના કારણે ખુબ જ તકલીફ પડે છે. જો તેઓએ મોઢે રૂમાલ બાંધ્યો ન હોય કે ચશ્મા પહેર્યા ન હોય તો તેઓને ફરજીયાત વાહન ઉભું રાખવું પડે છે અને રૂમાલ બાંધવો પડે છે. ચશ્મા પહેર્યા ન હોય તો આંખમાં મસી ઘુસી જાય છે. જીરૂ, રાઈ અને ઘઉંનો પાક લેવાતો હોય ત્યારે મસીની સમસ્યા વકરે છે. ઠંડી પડે તો મસીનો ત્રાસ થોડોક ઓછો થાય છે. આ જીવાતનો ઉપદ્રવ પંદરથી વીસ દિવસ રહે છે. ગરમી વધશે અને તડકો આકરો બનશે ત્યારે મસીનો ઉપદ્રવ ઓછો થઈ જશે. આ મસી ખુબ જ નાની હોવાથી આંખમાં અને ગળામાં ખુબ જ ઝડપથી ખુસી જાય છે. આંખમાં ઘુસતા જ તે ખુબ જ તકલીફ ઉભી કરે છે અને કયારેક આંખમાં ઈન્ફેકશન થવાની શકયતા રહે છે. મસીના ત્રાસથી બચવા મોઢે રૂમાલ બાંધવો જોઈએ અને હેલ્મેટ પહેરવું જોઈએ તેવી સલાહ અપાય છે.



પૂણે ખાતે યોજાયેલ ડાન્સ સ્કેટ સ્પોર્ટસ સ્પર્ધામાં ગાંધીનગરની બીએસકે ૮ ટીમના ૬ ખેલાડીઓએ ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરી તેમની કેટેગરીમાં વિજેતા બન્યા છે. આ છ ખેલાડીઓમાં વિનીત કનજારીયા, શુભ પટેલ, જયુરિક પટેલ, દેવાંશ રાવલ, દિપા શાહ અને ચાર્મી ચૌહાણનો સમાવેશ થાય છે. તમામ ખેલાડીઓને કોચ ભાર્ગવ આયરે અભિનંદન પાઠવ્યા હતા.

## વાતવાતમાં

● સરકારી પોલિટેકનિક કોલેજના વિદ્યાર્થીઓએ સે-૧૭ ખાતે ફાયર સ્ટેશનની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન ચીફ ફાયર ઓફિસર સહિત સ્ટાફે તેમને ફાયરબ્રિગેડની કાર્યવાહી તથા સાધનો અંગે તલસ્પર્શી માહિતી પુરી પાડી હતી.

● દહેગામમાં એક ફેકટરી માલિકે ફેકટરમાં જ દોરડે લટકી આત્મહત્યા કરવાના કેસમાં જીએસટી જવાબદાર હોવાનું જાણવા મળ્યું છે. ફેકટરી માલિકે તેની સુસાઈડ નોટમાં જીએસટીના કારણે તેના આર્થિક વ્યવહારો ખોરવાઈ જતા દેવું થઈ ગયું હોવાની અને લેણદારો સતત ઉઘરાણી કરી રહ્યા હોવાનું દબાણ વધ્યું હોવાથી આત્મહત્યા કરવા પ્રેરાયો હોવાની વાત લખી હોવાનું જાણવા મળ્યું છે.

● પ્લાસ્ટ ઈન્ડિયા એકિઝબીશનમાં શુક્રવારની રાત્રે શંકર-અહેસાન-લોયનો લાઈવ કોન્સર્ટ યોજાયો હતો. પ્લાસ્ટિક ઉદ્યોગકારો તથા આયોજકોએ મન ભરીને કાર્યક્રમને માણ્યો હતો.

# છાલા બસ સ્ટેન્ડ સામે ડમ્પરની અડફેટે બાઈક સવાર યુવાનનું મૃત્યુ

## ડમ્પર ચાલકે પાછળથી ટકકર મારતા બાઈક પર જતા ઘાટલોડીયાના ત્રણ મિત્રો ઘવાયા : એકનું સ્થળ પર મૃત્યુ

ગાંધીનગર, તા.૧૦

હિંમતનગર-ચિલોડા હાઈવે ઉપર આજે બપોરના અરસામાં ત્રણ યુવાન મિત્ર બાઈક પર જઈ રહ્યા હતા ત્યારે છાલા બસ સ્ટેન્ડ નજીક તેમને ગંભીર અકસ્માત સર્જાયો હતો. પાછળથી ધસમસતા આવતા ડમ્પરે બાઈકને અડફેટે લઈ લેતા ત્રણેય મિત્રો ફંગોળાઈને પટકાયા હતા અને ગંભીર રીતે ઘવાયા હતા. જેમાં એક યુવાન મિત્રનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. ચિલોડા પોલિસે મૃતદેહ પી.એમ. માટે મોકલી ડમ્પર ચાલક સામે ગુનો નોંધી ફરાર ડ્રાઈવરની ધરપકડ માટે તજવીજ શરુ કરી છે.





મળતી માહિતી મુજબ અમદાવાદ ઘાટલોડીયા વિસ્તારના ત્રણ મિત્રો એક બાઈક ઉપર હિંમતનગરથી આજે બપોરે ઘર તરફ જવા નીકળ્યા હતા. હિંમતનગર-ચિલોડા હાઈવે ઉપર છાલા ગામના બસ સ્ટેન્ડ નજીક પહોંચ્યા ત્યારે પાછળથી બેફામ ગતિએ આવી રહેલા ડમ્પરના ચાલકે તેમના બાઈકને અડફેટે લઈ લેતા બાઈક સાથે ત્રણે યુવાન મિત્રો ફંગોળાઈને હાઈવે પર પટકાયા હતા. ત્રણે યુવાન મિત્રો આ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયા હતા જેમાં પ્રશાંત અરવિદસિંહ રાઠોડનું સ્થળ પર જ પ્રાણ પંખેરું ઉડી ગયું હતું. ડમ્પર થોડે આગળ લઈ જઈને રસ્તાની બાજુમાં મુકીને આરોપી ડ્રાઈવર પણ ફરાર થઈ ગયો હતો. ચિલોડા પોલિસે મૃતક યુવાનનો મૃતદેહ પી.એમ. કરાવી ગુનો દાખલ કરી ફરાર ડ્રાઈવરની શોધખોળ શરુ કરી છે. જયારે ઘાયલ અન્ય બે યુવાન મિત્રો હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

# સિવિલમાંથી ચાર દિવસમાં બે ગાડીના ટાયરો ચોરાયા

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરમાં હમણા થોડા સમયથી ગાડીના ટાયર ચોરી કરતી ગેંગ સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે. શહેરના સેકટરોમાં પાર્ક કરેલી મોંઘીદાટ ગાડીના ટાયરો તો રાત્રીના અંધકારમાં ચોરાઈ જાય છે. પરંતુ છેલ્લા ચાર દિવસમાં સિવિલ હોસ્પિટલમાંથી પણ બે ગાડીના ટાયરો ચોરાઈ જવાની બુમ ઉઠવા પામી છે.ત્યારે સેકટર-૫ એમાંથી પણ ઈનોવા કારના બે ટાયર ચોરી થવાની ફરિયાદ ઉઠી છે. ગાડીના ટાયરઓની ચોરી થતા નાગરીકોની ઉંઘ ઉડી ગઈ છે.

ગાંધીનગર શહેર ચોર ઈસમો માટે સોફ્ટ ટાર્ગેટ હોય તેમ લાગી રહ્યું છે. એક પછી એક ચોરીને અંજામ આપીને પોલીસને પડકાર ફેંકતા હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે શહેરમાં ઘરફોડના બનાવો તો સમયાંતરે બનતા રહે છે, પરંતુ સેકટરોમાં ઘર આંગણે પાર્ક થયેલી મોંઘીદાટ ગાડીઓ અને તેના ટાયરો પણ સલામત રહ્યા નથી. શહેરમાં સતત ધમધમતી સિવિલ હોસ્પિટલની નવી બિલ્ડીંગ પાછળની બાજુએ મુલાકાતીઓ કાર પાર્ક કરીને દર્દીઓની ખબર અંતર પુછવા જતા હોય છે. ત્યારે સિવિલમાં ખબર પુછવા આવતા દર્દીના સગાઓની કાર પણ સલામત રહી નથી. સિવિલમાં ચાર દિવસમાં બે કારના ટાયર ચોરી થયાની ઘટના પ્રકાશમાં આવી છે. બે દિવસ પહેલા પણ એક મુલાકાતીની ગાડીનું ટાયર ચોરાઈ જવા પામ્યું હતું. ત્યારે આજે સવારે નવી બિલ્ડીંગ પાછળ પાર્ક કરેલી ઈકો ગાડીના ટાયરની ચોરી થઈ હતી. જયારે શહેરમાં અન્ય એક બનાવમાં સેકટર-૫ એ પ્લોટ નં- ૨૦૯-૧ ખાતે રહેતા સોમાજી ઠાકોરની ઈનોવા કારના બે ટાયર ચોરાઈ જવા પામ્યા હતા. ઉલ્લેખનીય છે કે તેઓને આજે વહેલી સવારે પ્લાસ્ટ ઈન્ડીયામાં આવી રહેલા મહેમાનોને લેવા માટે એરપોર્ટ જવાનું હતુ અને ઉઠીને બહાર જોયું તો ગાડીના ટાયર ચોરાઈ ગયા હતા. શહેરમાં એક માસથી ટાયર ચોરી કરતી ગેંગ સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે. ઘર આગળ પાર્ક કરેલી મોંઘીદાટ ગાડીઓના ટાયર ચોરાતા નગરજનો ચિંતિત નજરે પડી રહ્યા છે. પોલીસ તંત્ર દ્વારા સેકટરોમાં પોલીસ પેટ્રોલીંગ સઘન બનાવાય તેવી માંગ નગરજનોમાં ઉઠવા પામી છે.



# શ્રી જલારામ ધામ ગાંધીનગર ખાતે શિવરાત્રીની ઉજવણી થશે

ગાંધીનગર, તા.૧૦

તા.૧૩-૦૨-૨૦૧૮ને મંગળવાર મહા વદ-૧૩ મહાશિવરાત્રીના પૂનિત અવસરે શ્રી જલારામ ધામ, સેકટર-૨૯ ખાતે ભગવાન શ્રી રામેશ્વર મહાદેવની નિશ્રામાં પૂજન, આરતીનો કાર્યક્રમ યોજાશે.

સવારે ૭.૦૦ કલાકે મૂર્તિ દાતાશ્રી જે.ટી.અખાણીના હસ્તે શિવ પૂજનનો પ્રારંભ થશે. સવારે ૭.૦૦ કલાકથી સાંજના ૫.૦૦ કલાક સુધી શિવ મંદિરે બીલીપત્રનો અભિશેક થશે. ધ્વજાની શોભાયાત્રા બપોરે ૧૧.૩૦ કલાકે શ્રી સંજયભાઈ ડી સંઘાણી, સેકટર ૨/ડી, પ્લોટ નં.૧૭૧૨/૧ના નિવાસ સ્થાનેથી નીકળી જલારામ મંદિર પહોંચશે અને ધ્વજા રોહણ અને મહા આરતી બપોરે ૧૨.૦૦ કલાકે યોજાશે. તો જલારામ સેવા સમાજના તમામ સભ્યોને તથા નગરની ધર્મપ્રેમી જનતાને આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# મમતા સ્પોર્ટસના ખેલાડીઓ ઝળકયાં



ડાન્સ સ્કેટ સ્પોર્ટસ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા આયોજિત નેશનલ ચેમ્પિયનશીપમાં મમતા સ્પોર્ટસ સેન્ટરની હીર ઠાકુરે ટ્રેડિશનલ ઈવેન્ટ ઈનલાઈન સ્કેટમાં પ્રથમ ક્રમાંક હાંસલ કર્યો છે. જયારે ખનક છાબલાનીએ મોર્ડન ઈવેન્ટ કોર્ડ સ્કેટીંગમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો છે. બંને ખેલાડીઓને તેમના ઉત્કૃષ્ઠ પ્રદર્શન બદલ મમતા સ્પોર્ટસ સેન્ટરના આચાર્યા દિનાબેન ડોડિયા તથા કોચ વસીમ મનસુરીએ અભિનંદન આપ્યા હતા.

# આરસોડિયા કલોલ ખાતે તેજાનંદ ધામમાં મહાશિવરાત્રિ ઉજવાશે

ગાંધીનગર, તા.૧૦

તા.૧૩મી ફેબ્રુઆરીના મહાશિવરાત્રીના દિવસે સિધ્ધેશ્વર મહાદેવ તેજાનંદધામ આરસોડિયા કલોલ ખાતે મહાશિવરાત્રીની ઉજવણીના ભાગરૂપે ચાર પ્રહર પુજા, આરતી-બિલ્વ અભિષેક સાથે પુજા-આરાધના કરવામાં આવશે તો સર્વેધર્મપ્રેમી જનતાને લાભ લેવા જણાવાયું છે.

# એક વર્ષથી વોન્ટેડ બુટલેગર પથિકાશ્રમ પાસેથી ઝડપાયો

ગાંધીનગર, તા.૧૦

ચિલોડા પોલિસ સ્ટેશનની હદમાં એક વર્ષ પહેલા પકડાયેલા રૂ. ૪ લાખના વિદેશી દારૂના કેસમાં નરોડાના શખ્સનું તપાસમાં નામ ખુલ્યું હતું. એક વર્ષથી વોન્ટેડ આ બુટલેગર પથિકાશ્રમ એસ.ટી. ડેપો આવ્યો હોવાની બાતમી ગાંધીનગર એસીબીને મળતા ટીમે તેને ડેપોથી પકડી પાડયો છે. આ શખ્સની ધરપકડ કરી પુછપરછ હાથ ધરવામાં આવી છે.




ગાંધીનગર જિલ્લાના સાદરા ગામની સીમમાં આવેલા સી.કે. ઠાકોર ફાર્મ હાઉસમાં સંતાડેલો રૂ. ૪.૦૮ લાખનો વિદેશી દારૂનો જથ્થો પોલિસે ગત વર્ષે પકડયો હતો. આ પ્રકરણમાં કેટલાક સાગરીતો પકડાઈ ગયા હતા પરંતુ એક સાગરીતનું નામ ખુલ્યું હતું તે હજુ નાસતો ફરતો હતો. નરોડાના દિવ્યજીવન એપાર્ટમેન્ટ ખાતે રહેતો આ શખ્સ હાર્દિક ઉર્ફે પિયુષ ચંદ્રકાન્ત પંડયા ગાંધીનગર એસ.ટી. ડેપોમાં આવ્યો હોવાની બાતમી એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહિત અને તરલ ભટ્ટની ટીમને મળી હતી. આ બાતમી આધારે તેને ડેપો પાસેથી દબોચી લેવામાં આવ્યો છે. આ શખ્સ અગાઉ અમદાવાદ શહેરના નરોડા પલિસ સ્ટેશનમાં ચોરી, ચેઈન સ્નેચીંગ, પ્રોહીબીશન તેમજ સાબરકાંઠા જિલ્લાના ગાંભોઈ પોલિસ સ્ટેશનમાં પ્રોહીબીશનના ગુનામાં પકડાઈ ચુકયો છે. આ રીઢા શખ્સ વિરૂધ્ધ અમદાવાદ શહેરમાં પાસા હેઠળ પણ કાર્યવાહી કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

# કર્ણાવતી ડેન્ટલ હોસ્પિટલ ખાતે ૧૩મીએ ફ્રી ચેક-અપ નિદાન કેમ્પ

ગાંધીનગર, તા.૧૦

ઓરલ અને મેકિઝલી ફેસીયલ સર્જરી એ ડેન્ટીસ્ટ્રી સ્પેશિયલાઈઝ બ્રાન્ચ ધરાવે છે. જડબામાં ફ્રેકચર, પેથોલોજી અને ઈન્ફેકશનના નિદાન અને સારવાર સાથે સંકળાયેલ છે. ઉવારસદ સ્થિત કર્ણાવતી દાંતની હોસ્પિટલ ખાતે ૧૩મી ફેબ્રુઆરીએ 'ઓરલ અને મેકિઝલો ફેસીયલ સર્જરી ડે'ની ઉજવણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ઓરલ સબમ્યુકસ ફાઈબ્રોસીસ એક ગંભીર સમસ્યા છે. ગુટખા અને પાનમસાલા ખાવાના લીધે થાય છે. જેને લીધે કેન્સરના ભોગ બનાય છે આથી ગંભીર રોગનું નિદાન જેટલું વહેલું થાય તો રોગ વધતાં અટકાવી શકાય છે. કર્ણાવતી દાંતની હોસ્પિટલ ખાતે ઓરલ એન્ડ મેકિઝલો ફેસીયલ સર્જરી ડિપાર્ટમેન્ટે ઓરલ સબમ્યુકસ ફાઈબ્રોસીસના દર્દીઓ માટે ફ્રી ચેકઅપ અને નિદાન કેમ્પનું આયોજન કર્યુ છે. જે અંતર્ગત જરૂરિયાતવાળા દર્દીઓને રાહત દરે સારવાર કરી આપવામાં આવશે.



## અંધશાળાના વિદ્યાર્થીઓને બૂટ વિતરણ કરી જન્મદિનની ઉજવણી

પારૂલ એસ. ફાઉન્ડેશન ગાંધીનગર દ્વારા સેકટર-૧૬ ગાંધીનગર ખાતે આવેલ અંધશાળામાં પારૂલ એસ. ફાઉન્ડેશન ગાંધીનગરને સેવાભાવી ત્રિપુલભાઈ એમ. સોલંકીએ તમામ વિદ્યાર્થીઓ માટે બૂટ આપી ઉપસ્થિત સૌને બૂટ વિતરણ કરી પોતાનો જન્મદિવસ મનાવ્યો હતો. જન્મદિને તેમના તરફથી અંધશાળાના તમામ વિદ્યાર્થીઓને બૂટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પારૂલ એસ. ફાઉન્ડેશનના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

# કલોલ સીટી પી.આઈ. પ્રકાશ ચૌધરી સસ્પેન્ડ

## રેન્જ ડીઆઈજીએ પી.આઈ.ની ફરજ ઉપર બેદરકારીના મામલે કર્યો સસ્પેન્ડનો ઓર્ડર

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર રેન્જ ડીઆઈજી મયંકસિંહ ચાવડાએ આજે ગાંધીનગર જિલ્લાના કલોલ સીટી પી.આઈ. પ્રકાશ ચૌધરીને સસ્પેન્ડ કરી નાંખ્યા છે. રેન્જ આઈજીપી દ્વારા ઓએનજીસી વેલની પાઈપમાં પંચર કરીને ઓઈલ ચોરી કરતી ગેંગ પકડી હતી તે ગુનામાં સ્થાનિક પોલિસની નિષ્કાળજી હોવાના મામલે આજે પી.આઈ.ને સસ્પેન્ડ કર્યા હોવાનું જાણવા મળ્યું છે.

પચ્ચીસેક દિવસ અગાઉ ગાંધીનગર રેન્જ ડીઆઈજી મયંકસિંહ ચાવડાની ટીમે કલોલ શહેર ટીપી રોડ નં. ૩ ઓલા જંકશન પાસે આવેલા ગોમતીબા ફાર્મહાઉસમાં દરોડો પાડયો હતો. ફાર્મ હાઉસના માલિક સહિત ચાર શખ્સો દ્વારા ઓએનજીસીની ટ્રંક લાઈનમાંથી જી.જી.એસ. દ્વારા મોકલાતા ક્રુડ ઓઈલની કરવામાં આવતી ચોરીનો પર્દાફાશ કર્યો હતો. આ પ્રકરણમાં સ્થાનિક કલોલ સીટી પી.આઈ.ની નિષ્કાળજી જણાતા આજે રેન્જ ડીઆઈજી દ્વારા પી.આઈ. પ્રકાશ ચૌધરીને સસ્પેન્ડ કર્યાનો હુકમ જારી કર્યો છે.

## ચિરવિદાય

- સ્વ. વિમળાબેન અશોકકુમાર પટેલ, ઉ.વ. ૪૨
- સ્વ. પટેલ મણીબેન હરગોવનદાસ, ઉ.વ. ૯૮
- સ્વ. પંચાલ બચુભાઈ ખાતુરામ, ઉ.વ. ૭૮
- સ્વ. ઠાકોર પુનાજી બબાજી, ઉ.વ. ૭૦
- સ્વ. ઠાકોર સજનબેન ગમીરજી, ઉ.વ. ૬૦
- સ્વ. રાણા કેશરબા મનુભા, ઉ.વ. ૭૭
- સ્વ. કાન્તિજી વખુજી સોલંકી, ઉ.વ. ૬૨